ક્રમાંક: કડપ/શિ.ફી./OW/2015/DAG-1/0/ 12147
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
બ્લોક નં-૧૨, બીજો માળ
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા., ગાંધીનગર.
તા.31/૦૭/૨૦૧૫

## પરિપત્ર :

આથી બિન સરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીનાં શિક્ષણવિભાગનાં ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૦-૧૭૦૦૯(૮૧) –ખ તા.૨૩/૦૭/૧૯૮૧ ના ફકરા નં – ૧૩ અન્વયે વિદ્યાર્થીઓની શિક્ષણ ફીની વસુલ કરેલ રકમ દિન – ૭ માં સરકારશ્રીમાં જમા કરાવવાનું ઠરાવવામાં આવેલ છે. અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે, બિન સરકારી અનુદાનિત કોલેજો દ્વારા વસુલ લેવામાં આવેલ શિક્ષણ ફી ની રકમ સરકારશ્રીમાં સમય મર્યાદામાં જમા કરાવવામાં આવતી નથી. જે ગંભીર બાબત છે. આ ઉપરાંત તા.૨૨/૦૭/૨૦૦૯ ના રોજ યુ.જી.સી. (સીડીસી) ની મિટીંગ યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ સાથે થયેલ હતી. જેમાં સરકારી નાણાંના વ્યવહાર માટે આચાર્યશ્રીનું અલગ ખાતું ખોલાવવા જણાવવામાં આવેલ છે. આ ઉપરાંત નાણાંકીય નિયમો અનુસાર પણ સરકારી નાણાંના વ્યવહાર માટે અલગથી ખાતું ખોલાવવાનું રહે છે. જે ધ્યાને લઇ વસુલ કરવામાં આવેલ શિક્ષણ ફી ની રકમ આચાર્યશ્રીના ખાતામાં જમા કરાવવાની રહે છે. જે ધ્યાને લઇ બિન સરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શિક્ષણ ફી ની વસુલ કરેલ રકમ જમા કરવા માટે અલગથી આચાર્યશ્રીનું બેંકમાં એકાઉન્ટ ખોલાવી તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવા નોંધ લેવી.

ઉપરાંત શિક્ષણ ફી ની વસુલ કરેલ **પ્રથમ સત્રની ફી સમય મર્યાદામાં સરકારશ્રીમાં જમા કરાવી માહે – સપ્ટેમ્બરના પગારબીલ સાથે** વિદ્યાર્થીની સંખ્યા, વસુલ કરેલ રકમ તેમજ જમા કરાવેલ રકમના સંપૂર્ણ આધાર રજૂ કરવાના રહેશે. તેમજ **બીજા સત્રની ફી સમય મર્યાદામાં સરકારશ્રીમાં જમા કરાવી માહે –**

જાન્યુઆરીના પગારબીલ સાથે વિદ્યાર્થીની સંખ્યા, વસુલ કરેલ રકમ તેમજ જમા કરાવેલ રકમના સંપૂર્ણ આધાર રજૂ કરવાના રહેશે. માહિતી રજૂ કરવામાં નહીં આવેતો સંબંધિત કોલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફનો પગારખર્ચ સંબંધે શિક્ષણ વિભાગનાં તા.૨૩/૦૭/૧૯૮૧ના ઠરાવ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી. ઉક્ત બાબત સંબંધિત મંડળના ધ્યાને લાવવા વિનંતી.

કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુરા. ગાંધીનગર

પ્રતિ,

# આચાર્યશ્રી (તમામ)
બિન સરકારી અનુદાનિત કોલેજો.

# રજિસ્ટ્રારશ્રી,તમામ યુનિવર્સિટી તરફ જાણ અર્થે....